RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

RNI No.GUJGUJ/2016/74805

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૩૬૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૧૦, ◆ અંક: ૧૨, ◆ સળંગ અંક: ૧૧૮, ◆ તા.૧૭/૧૦/૨૦૨૬, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઈ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાત દ્વારા સ્ટડી સર્કલ મિટિંગનું થયું આયોજન








તા. ૦૯.૧૦.૨૦૨૬: ટેક્ષ. એડવોકેટ એસોસિએશન ગુજરાત, અમદાવાદ દ્વારા AMA, અમદાવાદ ખાતે તારીખ ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ત્રીજી સ્ટડી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંતર રાષ્ટ્રીય કરવેરા નિષ્ણાંત જીગર પટેલે બિન ભારતીય નાગરિક માટે ટેક્ષ પ્લાનિંગ અને ફોરેન ડિસ્કલોઝર સ્કીમ ૨૦૨૬ અંગે ઉમદા વિસ્તૃત વક્તવ્ય આપ્યુ,. જીએસટી કાયદા અંતર્ગત વકતા વારીશ ઈશાની એ અપીલ પ્રોસિજર વિશે વક્તવ્ય આપેલ. આ બંને વક્તા વક્તવ્ય થી ટેક્ષ વ્યવસાયિઓ મંત્રમૃગ્ધ થયા હતા. આ કાર્યક્રમ માં પ્રમુખ દીપ પટેલ, મંત્રી ઉત્સવ પટેલ, સ્ટડી કન્વીનર વારીશ ઈશાની, કારોબારી સભ્યો, સામાન્ય સભ્યો મોટી સંખ્યામાં જોડાઈ કાર્યક્રમ ને સફળ બનાવેલ.

**અમિત સોની, ટેક્સ ટુડે**

# રોકડના વેચાણ બીલ, રોકડમાં કરવાના થતા ખર્ચ બાબતે બીઝનેસમેન દ્વારા આ બાબત ધ્યાને રાખવી છે જરૂરી !!

## ધંધા-વ્યવસાયમાં રોકડ સ્વીકારવા તથા ચૂકવવા અંગે આવકવેરાની મર્યાદાનો ભંગ થાય તો ધંધાર્થી ઉપર લાગી શકે છે મોટા દંડ

**By Bhavya Popat,**
**Advocate-Editor Tax Today**
Dt: 12.01.2026

આપના દેશમાં ધંધો કે વ્યવસાયમાં કરતાં હોય તેવા કરદાતાએ પોતે રોકડ વ્યવહારો કઈ મર્યાદા સુધી કરી શકે તે બાબતે નિયમો જાણવા જરૂરી છે. આ નિયમોનો ભંગ કરવામાં આવે તો કરદાતા ઉપર મોટો આર્થિક બોજો આવી શકે છે. અર્થતંત્રમાં રોકડ વ્યવહારોનું નિયમન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આ નિયમનનો મુખ્ય હેતુ કાળા નાણાં રોકવા માટેનો હોય છે. આ હેતુથી જ સરકાર ડિજિટલ વ્યવહારોને-બેન્ક વ્યવહારોને પ્રોત્સાહન આપતી હોય છે. આજે આ લેખમાં ધંધા વ્યવસાયમાં રોકડ વ્યવહાર બાબતે શું મર્યાદારહેલ છે તે અંગે માહિતી આપવામાં આવી છે.

**૧. દસ હજારથી વધુ રોકડમાં ચૂકવવામાં આવતા ધંધા-વ્યવસાયિક ખર્ચની થાય છે નામંજૂર:**

કલમ 40A(3) હેઠળ, કરપાત્ર આવકની ગણતરી કરતી વખતે એક જ ખર્ચ માટે રોકડમાં કરવામાં આવેલા રૂ. ૧૦,૦૦૦ થી વધુની ચુકવણીને કપાત તરીકે મંજૂરી આપવામાં આવતી નથી. આ સમયે એ બાબત જાણવી પણ જરૂરી છે કે આ ખર્ચમાં ખરીદીનો પણ સમાવેશ થઈ જાય છે. આમ, ૧૦૦૦૦ થી વધુ કોઈ પણ ખરીદી રોકડમાં કરવામાં આવેલ હોય તો આ ખરીદી કે અન્ય કોઈ ખર્ચ બાદ મળતો નથી. જો કે ટ્રાન્સપોર્ટર્સને કરવામાં આવતી ચુકવણીના કિસ્સામાં, મર્યાદા રૂ. ૩૫,૦૦૦ છે. આમ, ઉપરોક્ત મર્યાદા (૧૦૦૦૦ થી વધુ કે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ૩૫૦૦૦ થી વધુ) રોકડમાં કરવામાં આવેલ ખર્ચ નામંજૂર થતાં કરદાતાની આવકમાં વધારો થઈ જાય અને તેઓ વધુ કર ભરવા જવાબદાર બને.

**૨. ઘસારા પાત્ર હોય તેવી મિલ્કત ખરીદી ઉપર ૧૦૦૦૦/-થી વધુની ચુકવણી રોકડમાં કરવા ઉપર બાધ:**

કોઈ ધંધા કે વ્યવસાયમે એવી મિલ્કત ખરીદવામાં આવે જેના ઉપર કરદાતા ઘસારો બાદ માંગવાના હોય ત્યારે આ મિલ્કત ખરીદ કરવા ૧૦,૦૦૦ રૂપિયાથી વધુની રકમ રોકડમાં ચૂકવવામાં આવે છે, ત્યારે આવી મિલ્કત પર ઘસારાનો દાવો માન્ય રહેતો નથી. આ ઘસારો બાદ ના મળે તો કરદાતાની કુલ આવકમાં વધારો થઈ અને તેઓ વધુ ટેક્સ ભરવા જવાબદાર બને.

**૩. કલમ 269ST-રોકડ વ્યવહારો પ્રાપ્ત કરવાની મર્યાદા:**

ઉચ્ચ મૂલ્યના રોકડ વ્યવહારોને મર્યાદિત કરવા માટે કલમ 269ST રજૂ કરવામાં આવી હતી. આ કલમ હેઠળ, ધંધા કે વ્યવસાય ધરાવતા કરદાતાઓને પણ લાગુ પડે છે. આ જોગવાઈ મુજબ કરદાતા ૨ લાખ રૂપિયા કે તેથી વધુની રોકડ સ્વીકારી શકતા નથી. આ બે લાખની મર્યાદા નક્કી કરવા નીચેની બાબતો ધ્યાને લેવાની રહે.

- એક જ દિવસમાં, એક જ વ્યક્તિ પાસેથી.
- એક જ વ્યવહાર અથવા એક ઘટના અથવા પ્રસંગ સંબંધિત શ્રેણીબદ્ધ વ્યવહારો માટે.

**દંડ:** જો આ નિયમનું ઉલ્લંઘન કરવામાં આવે છે, તો પ્રાપ્તકર્તા રોકડમાં પ્રાપ્ત થયેલી રકમના ૧૦૦% દંડ ચૂકવવા માટે

(અનુસંધાન ૩જા પાને)






Best resort for Corporate events, Staff Tours etc. nr Diu

Flamingo Club & Resort

Why Flamingo is best for Corporate events??

- Nearly 40% of cost then similar hotels of Diu.
- 12% GST Credit available as situated in Gujarat.
- Facilities of Banquets and Party lawns.
- Special Suite rooms for top management.
- Best resort for family and group entertainment
- Pure Veg Restaurant
- Best in class amenities
- Water Sports facility support
- No burden of Liquor on corporates.

Diu Calling!!!

Amenities

- Swimming pool
- Mini Theatre*
- Gym & Indoor Sports
- Party Lawn
- Banquet
- Children Play Area

Contact: 9737021700 GM /9624121700 Front Desk
e mail: contact@flamingoclubresort.com, www.flamingoclubresort.com
Delwada Diu Road, Naliya Mandvi Ta Una. 362520

# તહેવારોના દેશમાં વેપાર-ધંધાને પણ મળે સમયની છૂટ

By Bhavya Popat
Advocate Editor-Tax Today



AI તસવીર

### દિવાળીના તહેવારોમાં GST રિટર્નની મુદતમાં વધારો શા માટે જરૂરી?

ભારત એ તહેવારોનો દેશ છે. અહીં દરેક ઋતુ, દરેક પ્રદેશ અને દરેક સમાજના પોતાના આગવા તહેવારો છે. દિવાળી, હોળી, નવરાત્રિ, જન્માષ્ટમી, ઈદ, ક્રિસમસ, પોંગલ, ઓણમ જેવા તહેવારો ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. તહેવારો માત્ર ધાર્મિક કે સામાજિક પ્રસંગો નથી, પરંતુ દેશના અર્થતંત્રને ગતિ આપતા મહત્ત્વના અવસરો પણ છે. ખાસ કરીને દિવાળીનો તહેવાર વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ઉત્પાદકો અને સેવા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે વર્ષનો સૌથી વ્યસ્ત સમય હોય છે. ત્યારે આવા તહેવારો દરમિયાન જ જો કરવેરાની મહત્ત્વની મુદતો આવતી હોય તો વેપારીઓની મુશ્કેલીઓ પડે તે સ્વાભાવિક છે. આ જ મુદ્દાને ધ્યાનમાં રાખીને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ નવેમ્બર, ૨૦૨૬માં આવતી GST રિટર્નની મુદતો લંબાવવા નાણામંત્રી સમક્ષ રજૂઆત કરી છે.

### દિવાળી અને વેપારજગતનો સંબંધ

ગુજરાતમાં દિવાળીનું વિશેષ મહત્ત્વ છે. દિવાળી પહેલાં વેપારીઓ માટે ખરીદી, વેચાણ, માલની હેરફેર, સ્ટોકની જાળવણી અને ગ્રાહકોની વધતી માગને પહોંચી વળવાનો સમય હોય છે. દિવાળી બાદ બેસતા વર્ષથી નવા હિસાબી વર્ષની શરૂઆત થાય છે. ખાસ કરીને ગુજરાતમાં બેસતા વર્ષથી લઈને લાભપાંચમ સુધી અનેક વેપારી સંસ્થાઓમાં રજા રાખવાની પરંપરા છે. આ સમયગાળા દરમિયાન વેપારીઓ ઉપરાંત એકાઉન્ટન્ટ્સ, ટેક્સ કન્સલ્ટન્ટ્સ અને પ્રોફેશનલ ફર્મો પણ મર્યાદિત સમય માટે કાર્યરત રહે છે.

વર્ષ ૨૦૨૬માં ધનતેરસ ૬ નવેમ્બરે, દિવાળી ૮ નવેમ્બરે, બેસતું વર્ષ ૧૦ નવેમ્બરે, ભાઈબીજ ૧૧ નવેમ્બરે અને લાભપાંચમ ૧૪ નવેમ્બરે છે. આમ, નવેમ્બરના પ્રથમ પખવાડિયામાં જ તહેવારોની લાંબી શ્રેણી છે. આ સમયગાળામાં GST રિટર્ન ભરવાની મુદતો આવતી હોવાથી વેપારીઓ અને કરવેરાના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યાવસાયિકો માટે સમયનું આયોજન મુશ્કેલ બની શકે છે.

### ગુજરાત ચેમ્બરની મહત્ત્વપૂર્ણ રજૂઆત

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કેન્દ્રીય નાણામંત્રી સમક્ષ રજૂઆત કરીને ઓક્ટોબર, ૨૦૨૬ના GST રિટર્નની નવેમ્બરમાં આવતી મુદતો લંબાવવાની માગણી કરી છે. ચેમ્બરે ખાસ કરીને તહેવારોના કારણે વેપારીઓ અને વ્યાવસાયિકોને મળતા કાર્યદિવસો મર્યાદિત થઈ જતા હોવાનો મુદ્દો રજૂ કર્યો છે.

ચેમ્બરે GSTR-1, GSTR-3B, GSTR-7, GSTR-8 સહિત વિવિધ રિટર્નની મુદતો લંબાવવાની દરખાસ્ત કરી છે. આ ઉપરાંત GSTR-2B અને અન્ય સંબંધિત ફોર્મ માટે પણ નવી તારીખો સૂચવવામાં આવી છે. ચેમ્બરની દરખાસ્ત મુજબ GSTR-1 માટે ૨૧ નવેમ્બર, GSTR-3B માટે ૩૦ નવેમ્બર અને અન્ય કેટલાક રિટર્ન માટે ૨૦થી ૨૪ નવેમ્બર સુધીની મુદત સૂચવવામાં આવી છે. આ તારીખો ચેમ્બરની માગણી છે, સરકાર દ્વારા મંજૂર કરાયેલી તારીખો નથી.

### GST રિટર્નની પ્રક્રિયા એકબીજા સાથે જોડાયેલી

GST વ્યવસ્થામાં એક રિટર્નની માહિતી બીજા રિટર્ન માટે મહત્ત્વપૂર્ણ બને છે. GSTR-1માં વેચાણની વિગતો રજૂ કરવામાં આવે છે, જ્યારે GSTR-2Bના આધારે વેપારીઓ ઈનપુટ ટેક્સ ક્રેડિટની પાત્રતા ચકાસે છે. ત્યારબાદ GSTR-3Bમાં કરની જવાબદારી અને ઈનપુટ ટેક્સ ક્રેડિટની વિગતો દર્શાવવામાં આવે છે.

આ સમગ્ર પ્રક્રિયામાં ખરીદી અને વેચાણનાં બિલોનું મિલન, સપ્લાયરો સાથેની ચર્ચા અને ભૂલોનું સુધારણું જરૂરી બને છે. જો તહેવારોને કારણે આ પ્રક્રિયા સમયસર પૂર્ણ ન થાય તો તેની અસર આગામી રિટર્ન પર પણ પડી શકે છે. પરિણામે ઉતાવળમાં રિટર્ન ભરવાની ફરજ પડે છે, જેનાથી ખોટી વિગતો, ઈનપુટ ટેક્સ ક્રેડિટની ભૂલો અને ભવિષ્યમાં સુધારાની જરૂરિયાત ઊભી થઈ શકે છે.

### નાના વેપારીઓ પર વધુ અસર

મોટી કંપનીઓ પાસે GST રિટર્ન ભરવા માટે અલગ વિભાગ અને પૂરતો સ્ટાફ હોય છે. પરંતુ નાના વેપારીઓ, ભાગીદારી પેઢીઓ અને MSME એકમો માટે સામાન્ય રીતે એક જ એકાઉન્ટન્ટ અનેક પ્રકારનાં હિસાબો સંભાળતો હોય છે. આવા વેપારીઓ માટે દિવાળીના વ્યસ્ત દિવસો દરમિયાન વ્યવસાય અને કરવેરાની જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બને છે.

બીજી તરફ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એડવોકેટ અને GST પ્રેક્ટિશનરો પણ અનેક કરદાતાઓનાં રિટર્ન ભરવાની જવાબદારી નિભાવતા હોય છે. તહેવારો બાદ મર્યાદિત કાર્યદિવસોમાં એકસાથે મોટી સંખ્યામાં રિટર્ન ભરવાનાં થાય તો તેમના પર પણ કામનું ભારણ વધે છે. મુદતમાં યોગ્ય વધારો કરવામાં આવે તો કરદાતાઓ અને વ્યાવસાયિકો બંનેને વ્યવસ્થિત રીતે કામ પૂર્ણ કરવાની તક મળી શકે છે.

### મુદત વધારવાથી સરકારને પણ લાભ

રિટર્ન ભરવાની મુદત વધારવાની માગણીને માત્ર વેપારીઓને રાહત આપવાના દૃષ્ટિકોણથી જોવી યોગ્ય નથી. તેની સાથે કરવેરાની ચોકસાઈનો પણ મહત્ત્વનો પ્રશ્ન જોડાયેલો છે. ઉતાવળમાં રિટર્ન ભરવાથી ખોટી વિગતો રજૂ થવાની, ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં વિસંગતતા ઊભી થવાની અને પાછળથી સુધારા કરવાની શક્યતા રહે છે. પૂરતો સમય મળવાથી વેપારીઓ યોગ્ય સમાધાન અને ચકાસણી કરીને રિટર્ન ભરી શકે છે.

વળી, જો તમામ કરદાતાઓને તહેવારો બાદ ગણતરીના દિવસોમાં જ રિટર્ન ભરવાનાં થાય તો GST પોર્ટલ પર પણ એકસાથે ભારણ વધી શકે છે. મુદતોને વ્યવસ્થિત રીતે લંબાવવાથી આ ભારણનું વિતરણ થઈ શકે છે અને છેલ્લી ઘડીએ થતી ટેકનિકલ મુશ્કેલીઓનું જોખમ ઘટાડી શકાય છે.

### ૩૦ નવેમ્બરની મુદતનું વિશેષ મહત્ત્વ

નવેમ્બર મહિનામાં ૩૦ તારીખનું પણ વિશેષ મહત્ત્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે GST કાયદાની કલમ ૧૬(૪) હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા તથા સંબંધિત સુધારા કરવા માટે આ તારીખ મહત્ત્વપૂર્ણ છે. તેથી ચાલુ મહિનાનાં રિટર્નની સાથે પાછલા નાણાકીય વર્ષની વિગતોનું સમાધાન કરવાનું કામ પણ કરદાતાઓ માટે જરૂરી બની શકે છે.

જોકે, કોઈ એક રિટર્નની મુદતમાં વધારો થવાથી કલમ ૧૬(૪) હેઠળની કાયદાકીય સમયમર્યાદા આપોઆપ લંબાતી નથી. આથી સરકાર દ્વારા કોઈ પણ રાહત આપવામાં આવે ત્યારે તેની કાયદાકીય જોગવાઈ અને વ્યાપ સ્પષ્ટ હોવો જરૂરી છે.

### તહેવારોને ધ્યાનમાં રાખીને કાયમી નીતિની જરૂર

ભારત જેવા વિશાળ અને વિવિધતાસભર દેશમાં દરેક રાજ્યમાં તહેવારો અને રજાઓ અલગ-અલગ હોય છે. તેથી દર વર્ષે કોઈ વિશેષ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જ મુદત વધારવાની રજૂઆત કરવી પડે તેનાં બદલે સરકાર એક વ્યવસ્થિત નીતિ ઘડી શકે છે. મોટા તહેવારો દરમિયાન મહત્ત્વની મુદતો ન આવે તે રીતે વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવું અથવા જરૂરિયાત મુજબ મર્યાદિત મુદતવધારો આપવાની પારદર્શક વ્યવસ્થા ઊભી કરવી શક્ય છે.

અલબત્ત, વારંવાર મુદત વધારવાથી કરવેરાની શિસ્ત પર અસર ન થાય તેનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. તેથી મુદતવધારો અપવાદરૂપ સંજોગોમાં, અગાઉથી અને સ્પષ્ટ સમયમર્યાદા સાથે આપવામાં આવે તે વધુ વ્યવહારુ રહેશે.

કરવેરાની સમયમર્યાદા જાળવવી જેટલી જરૂરી છે, તેટલી જ જરૂરી કરદાતાઓને વાસ્તવિક પરિસ્થિતિ અનુસાર પૂરતો સમય આપવો પણ છે. દિવાળી જેવા મોટા તહેવારો દરમિયાન વેપારીઓની પ્રાથમિકતા વ્યવસાય, ગ્રાહકો અને સામાજિક જવાબદારીઓ હોય છે. આવા સમયે GST રિટર્નની મુદતમાં યોગ્ય વધારો કરવામાં આવે તો તે કરદાતાઓ માટે રાહતરૂપ બનવાની સાથે રિટર્નની ચોકસાઈ અને કરવેરાની વ્યવસ્થામાં પણ મદદરૂપ થઈ શકે છે.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજૂઆત આ દિશામાં મહત્ત્વપૂર્ણ ચર્ચા ઊભી કરે છે. સરકાર દ્વારા આ રજૂઆત પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવામાં આવે અને વ્યવહારુ નિર્ણય લેવામાં આવે તો વેપારજગતને તહેવારોની ઉજવણી સાથે પોતાની કાયદાકીય જવાબદારીઓ પણ યોગ્ય રીતે નિભાવવાની તક મળી શકે છે. આખરે, વેપારની સરળતા અને કરવેરાની શિસ્ત વચ્ચે સંતુલન જાળવવું એ જ સારા કરવેરા વહીવટની સાચી કસોટી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા ૦૫.૧૦.૨૦૨૬ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# GSTમાં E-Way Billની તપાસના નિયમોમાં મોટો ફેરફારઃ હવે Random Checking નહીં, Intelligence આધારિત તપાસ

## માલની હેરફેરમાં Transit Stateની બિનજરૂરી રોકટોક ઘટશે; વાહન રોકતા પહેલાં Joint Commissioner કક્ષાના અધિકારીની મંજૂરી જરૂરી બનશે



By Darshit Shah, Advocate

૫૭મી GST કાઉન્સિલની બેઠકમાં વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે E-Way Bill સંબંધિત એક મહત્વપૂર્ણ સુધારાની ભલામણ કરવામાં આવી છે. આ સુધારાનો મુખ્ય હેતુ માલની હેરફેર દરમિયાન થતી બિનજરૂરી તપાસ, વારંવારની વાહન રોકટોક અને તેના કારણે થતો સમય તથા ખર્ચ ઘટાડવાનો છે. હાલમાં E-Way Bill વ્યવસ્થા હેઠળ અધિકારીઓને માલવાહક વાહન રોકીને દસ્તાવેજો અને માલની ચકાસણી કરવાની સત્તા છે. GST કાઉન્સિલે હવે આ પ્રક્રિયાને વધુ risk-based અને intelligence-driven બનાવવાની ભલામણ કરી છે.

હાલની વ્યવસ્થામાં E-Way Bill ધરાવતું વાહન રસ્તામાં હોય ત્યારે અધિકૃત GST અધિકારી તેને રોકીને E-Way Bill, invoice, delivery challan તથા અન્ય જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરી શકે છે. એટલે કે માત્ર એટલા માટે કે કોઈ વાહન રાજ્યની હદમાંથી પસાર થઈ રહ્યું છે, તે વાહનને તપાસ માટે રોકવાની સત્તા હાલની વ્યવસ્થામાં ઉપલબ્ધ છે. GST Rulesની હાલની જોગવાઈ મુજબ Commissioner અથવા તેમના દ્વારા અધિકૃત અધિકારી E-Way Billની ચકાસણી માટે conveyanceને intercept કરી શકે છે. જોકે, એકવાર એક સ્થળે physical verification થઈ ગયા બાદ સામાન્ય રીતે ફરી તપાસ ન થવી જોઈએ, સિવાય કે tax evasion અંગે ચોક્કસ માહિતી મળે.

આ પરિસ્થિતિમાં હવે સૌથી મોટો ફેરફાર એ છે કે માત્ર સામાન્ય અથવા routine checking માટે વાહન રોકી શકાશે નહીં. કાઉન્સિલની ભલામણ મુજબ માલ લઈ જતું વાહન માત્ર specific intelligence, એટલે કે કરચોરી અથવા અન્ય ગંભીર ગેરરીતિ અંગે ચોક્કસ માહિતીના આધારે જ intercept કરી શકાશે. એટલું જ નહીં, આવી interception માટે Joint Commissionerથી નીચેના દરજ્જાના અધિકારીની મંજૂરી પણ જરૂરી રહેશે. એટલે રસ્તા પરની સામાન્ય checkingની જગ્યાએ હવે ચોક્કસ માહિતી અને senior-level authorisation પર આધારિત તપાસ તરફ વ્યવસ્થા આગળ વધશે.

આ ફેરફાર ખાસ કરીને લાંબા અંતરના interstate transportation માટે મહત્વનો છે. માની લો કે ગુજરાતનો વેપારી દિલ્હીના ગ્રાહકને માલ મોકલે છે અને માલ ગુજરાતથી નીકળીને દિલ્હી પહોંચવા માટે રાજસ્થાન અથવા હરિયાણા જેવા અન્ય રાજ્યોમાંથી પસાર થાય છે. હાલ વેપારીઓ કે ટ્રાન્સપોર્ટરો ને રસ્તામાં આવતા રાજ્યોમાં checkingનો સામનો થવાની સંભાવના રહેતી હોય છે. નવી ભલામણ અમલમાં આવ્યા બાદ Transit Stateમાં માત્ર વાહન પસાર થઈ રહ્યું છે એટલા આધાર પર interception કરવાની વ્યવસ્થા દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કાઉન્સિલે સ્પષ્ટપણે ભલામણ કરી છે કે transit statesdp,, interception ન કરવામાં આવે. સામાન્ય ભાષામાં એવું કહી શકાય કે મુખ્યત્વે source state અને destination stateમાં જ તપાસ થઈ શકશે.




આ સુધારાનો સીધો લાભ ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓને મળશે. એક જ consignment રસ્તામાં અનેક રાજ્યોમાંથી પસાર થાય છે ત્યારે દરેક જગ્યાએ checkingની શક્યતા રહે તા વેપારીઓ તથા ટ્રાન્સપોર્ટરો ને હેરાનગતિ નો તો સામનો કરવો જ પડે છે સાથે સાથે માલની ડેલિવેરીનો સમય તથા ટ્રાન્સપોર્ટ કોસ્ટમાં વધારો થાય છે. ઘણી વખત માલ સમયસર ગ્રાહક સુધી ન પહોંચવાથી production schedule, project delivery અથવા customer commitment પર પણ અસર પડે છે. નવી વ્યવસ્થા હેઠળ ચોક્કસ intelligence વગર vehicle રોકવાની શક્યતા ઘટશે, જેના કારણે supply chain વધુ ઝડપથી આગળ વધી શકશે.

પરંતુ તેનો અર્થ એવો નથી કે GST વિભાગની enforcement power સંપૂર્ણપણે દૂર થઈ જશે. ઉલટું, enforcementને વધુ targeted બનાવવાનો પ્રયાસ છે. જો વિભાગ પાસે કોઈ ચોક્કસ consignment અંગે tax evasionની માહિતી હોય, તો તે વાહન રોકીને તપાસ કરી શકશે, પરંતુ હવે તેના માટે specific intelligence અને જરૂરી senior-level authorisationનો આધાર રહેશે. એટલે genuine taxpayer અને genuine transporter માટે સામાન્ય મુસાફરી સરળ બનશે, જ્યારે suspicious movement પર enforcementનું ધ્યાન વધુ કેન્દ્રિત થઈ શકશે.

તે જ સમયે, E-Way Billમાં કોઈ છૂટ આપવામાં આવી નથી. જો જરૂરી E-Way Bill બનાવવામાં આવ્યુ ન હોય અથવા માલના મૂળ સ્થળ (Origin) અને પહોંચવાનું સ્થળ (Destination) દર્શાવતો જરૂરી દસ્તાવેજ ઉપલબ્ધ ન હોય, તો Transit State હોવા છતાં અધિકારીઓ માલની તપાસ, જપ્તી અથવા અટકાયત કરી શકશે. એટલે નવી વ્યવસ્થાનો લાભ માત્ર યોગ્ય દસ્તાવેજો સાથે નિયમસર માલની હેરફેર કરતા વેપારીઓને મળશે. તેથી માલ મોકલતી વખતે E-Way Bill, Invoice, Delivery Challan અને અન્ય જરૂરી દસ્તાવેજો સાચા અને ઉપલબ્ધ રાખવા ખૂબ જરૂરી રહેશે.

જોકે, આ સુધારાનો અર્થ E-Way Bill complianceમાં છૂટ એવો બિલકુલ નથી. વેપારીઓએ સાચો E-Way Bill, Invoice અને અન્ય જરૂરી transport documents સાથે માલની હેરફેર કરવી પડશે. ખોટી invoice value, ખોટું માલ પહોંચાડવાનું સ્થળ, જરૂરી E-Way Billનો અભાવ, અથવા અન્ય ગંભીર દસ્તાવેજી ખામી હોય તો અધિકારીઓ કાર્યવાહી કરી શકશે. આમ, ૫૭મી GST કાઉન્સિલની ભલામણનો મૂળ હેતુ ''દરેક વાહનને રોકીને તપાસવાને બદલે ચોક્કસ માહિતીના આધારે શંકાસ્પદ વાહનની તપાસ કરવી'' એવો છે. Transit Stateમાં સામાન્ય interception ઘટાડવા, specific intelligenceની જરૂરિયાત, Joint Commissioner કક્ષાની પૂર્વ મંજૂરી અને Transitમાં રહેલા માલ/વાહન માટે Section ૧૩૦ હેઠળ confiscationની જોગવાઈ દૂર કરવાની ભલામણથી GST enforcement વધુ targeted અને વેપાર માટે સરળ બનવાની દિશા દેખાય છે.

# રોકડના વેચાણ બીલ, રોકડમાં કરવાના થતા ખર્ચ બાબતે બીઝનેસમેન દ્વારા આ બાબત ધ્યાને રાખવી છે જરૂરી !!

**(અનુસંધાન પાના ૧થી શરૂ)**

જવાબદાર રહેશે. જો કે એક બાબત જાણવી જરૂરી છે કે આ નિયમ માત્ર ધંધા કે વ્યવસાય સાથે જોડાયેલ કરદાતા ને જ નહીં પરંતુ તમામ કરદાતાઓને લાગુ પડે છે.

**દંડઃ** કલમ ૨૬૯ઝ ના ઉલ્લંઘન માટે દંડ પણ ચૂકવવામાં આવેલી રોકડ રકમના ૧૦૦% છે.

**૪. વીસ હજારથી વધુ રકમની લોન અને થાપણો રોકડમાં સ્વીકારવા પર પ્રતિબંધ (કલમ 269SS)**

ધંધો કે વ્યવસાય કોઈપણ વ્યક્તિ પાસેથી ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની લોન, થાપણો અથવા ચોક્કસ રકમ રોકડમાં સ્વીકારી શકતા નથી. આ કલમ ફક્ત વ્યવસાયિક વ્યવહારો માટે જ નહીં પરંતુ મિત્રો, પરિવાર અથવા અન્ય બિન-વ્યવસાયિક પક્ષો પાસેથી લોન માટે પણ લાગુ પડે છે.

**દંડઃ** કલમ 269SS હેઠળ કોઈપણ ઉલ્લંઘન રોકડમાં સ્વીકૃત રકમ પર ૧૦૦% દંડ લાવે છે.

**૫. વીસ હજારથી વધુની લોન અને થાપણોની રોકડમાં ચુકવણી પર પ્રતિબંધ (કલમ 269T):**

વીસ હજાર કે લોન અને જેમ લોન સ્વીકારવી ઉપર પ્રતિબંધ છે તેમ આ લોન અથવા થાપણો ચુકવણી ઉપર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

**દંડઃ** કલમ 269T હેઠળ કોઈપણ ઉલ્લંઘન રોકડમાં સ્વીકૃત રકમ પર ૧૦૦% દંડ લાવે છે.

જો કે કલમ 269SS, 269ST, અને 269Tની જોગવાઈઓ નીચેના કરદાતાઓ તથા તેના વ્યવહારો પર લાગુ પડતી નથીઃ

- સરકાર (કેન્દ્ર અને રાજ્ય).
- કોઈપણ બેંકિંગ કંપની, પોસ્ટ ઓફિસ બચત બેંક, અથવા સહકારી બેંક.
- કેન્દ્ર, રાજ્ય અથવા પ્રાંતીય કાયદા દ્વારા સ્થાપિત કોઈપણ કોર્પોરેશન.
- કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨(૪૫)માં વ્યાખ્યાયિત કોઈપણ સરકારી કંપની.

**૬. રોકડ દાન અને યોગદાન**

આવકવેરા કાયદાની કલમ 80G હેઠળ, સખાવતી દાન માટે કપાત ફક્ત ત્યારે જ માન્ય છે જો દાન રૂ. ૨૦૦૦ થી વધુ હોય અને રોકડ સિવાયના અન્ય માધ્યમો (દા.ત., ચેક, બેંક ટ્રાન્સફર) દ્વારા કરવામાં આવે.

**શા માટે આ પ્રતિબંધો?**

ભારત સરકારે બિનહિસાબી નાણાં (કાળા નાણાં) ના પરિભ્રમણને રોકવા, ડિજિટલ ચુકવણીને પ્રોત્સાહન આપવા અને નાણાકીય વ્યવસ્થામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે આ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. કોઈ પણ અર્થતંત્ર વિકાસશીલ માંથી વિકસિત અર્થતંત્ર તરફ જવા શક્ય હોય એટલા ઓછા રોકડ અને વધુ ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપે તે જરૂરી છે.

**(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)**

# જમીન-મકાનનું વેચાણ કે ખરીદી કરવાનું આયોજન છે?? આ બાબતોનું રાખો ખાસ ધ્યાન..

By Bhavya Popat,
Advocate Editor Tax Today

જમીન મકાન કે અન્ય સ્થાવર મિલ્કત ખરીદ કરવાનું જરૂરિયાત માટે તો સમજી શકાય પરંતુ રોકાણ બાબતે પણ આપણા સમાજમાં અનેરું મહત્વ રહેલું છે. આ મહત્વના કારણે અવારનવાર લોકો જમીનમાં-મકાનમાં-ફ્લેટમાં કે અન્ય સ્થાવર મિલ્કતમાં રોકાણ કરી યોગ્ય વળતર આવે ત્યારે વેચાણ કરતા હોય છે. જમીન-મકાન-ફ્લેટમાં કે અન્ય સ્થાવર મિલ્કતનું ખરીદ વેચાણ થવા સમયે ટેક્સ બાબતે અનેક બાબતો એવી છે કે જેનું ધ્યાન રાખવું ખુબ જરૂરી છે. આ બાબતોનું ધ્યાન નાં રાખવામાં આવેલ હોય અને ભવિષ્યમાં આ વ્યવહાર બાબતે ઇન્કમ ટેક્સ નોટીસ આવે અને મોટી રકમની જવાબદારી આવી હોય તેવા અનેક દાખલા ટેક્સ વ્યવસાયીઓના સામે આવતા હોય છે. આજે આ લેખમાં જમીન, મકાન જેવી સ્થાવર મિલ્કતની ખરીદી કે વેચાણ કરવા સંદર્ભે કઈ બાબતોનું સામાન્ય રીતે ધ્યાન રાખવું જોઈએ તે અંગે માહિતી સામાન્ય રીતે પૂછવામાં આવતા પ્રશ્ન-જવાબ સ્વરૂપે આપવામાં આવેલ છે.



AI તસવીર

**૧. મે મારા વપરા શ માટે ફ્લેટ લીધો હતો. આ ફ્લેટનું હવે વેચાણ કરવામાં આવે છે. આ ફ્લેટના વેચાણની દસ્તાવેજની રકમ ૨૦ લાખની હતી. આ રકમની ચુકવણી અમોએ રોકડમાં સ્વીકારેલ છે શું આ વ્યવહાર બાબતે ઇન્કમ ટેક્સ વિભાગ દ્વારા કોઈ મુશ્કેલી ઉભી કરવામાં આવી શકે છે?**

જવાબઃ હા, ૨૦ લાખની રકમ રોકડમાં સ્વીકારી શકાય નહી. સ્થાવર મિલ્કત બાબતે ૨૦૦૦૦ કે તેથી ઉપરની રકમની રકમ માત્ર એકાઉન્ટ પેઇ ચેક અથવા ડીમાંડ ડ્રાફ્ટ દ્વારા જ સ્વીકારવું રહે. આથી ઉપર રકમનો સ્વીકાર રોકડમાં કરવામાં આવે તો રોકડમાં સ્વીકારેલ રકમ જેટલો દંડ આવી શકે છે. મિલ્કત વેચાણ સંદર્ભે ૨૦ હાજર કે તેથી વધુ રકમનો સ્વીકાર માત્ર એકાઉન્ટ પેયી ચેક, ડ્રાફ્ટ, ઓનલાઈન ટ્રાન્સફર દ્વારા જ કરવામાં આવે તે જરૂરી છે.

**૨. મે એક ફ્લેટની ખરીદી કરેલ છે. આ ફ્લેટની ખરીદીમા જે સ્ટેમ્પ ડ્યુટી વાપરવામાં આવી છે તે ૩૦ લાખની છે. જયારે અમારા દ્વારા અવેજની રકમ ૨૫ લાખ દર્શાવવામાં આવેલ છે. શું આ પ્રકારના વ્યવહારમાં ફ્લેટ ખરીદનાર તરીકે મને કે વેચનારને કોઈ મુશ્કેલી આવી શકે?**

જવાબઃ હા, આ પ્રકારનો વ્યવહાર એ ઇન્કમ ટેક્સ કાયદાની હેઠળ મોટી મુશ્કેલી આવે તેવા ગણી શકાય. ઇન્કમ ટેક્સ કાયદાની કલમ 50C હેઠળ કોઈ પણ વેચાણ દસ્તાવેજ જંત્રી રકમથી ઓછી રકમ પર કરવામાં આવેલ હોય તો પણ જંત્રીની રકમ ધ્યાને લઇ વેચનારના ટેક્સની ગણતરી કરવામાં આવશે. આમ, વેચનાર ભલે અવેજની કિંમત ૨૫ લાખ દર્શાવેલ હોય, ઇન્કમ ટેક્સ રીટર્નમાં ૩૦ લાખ લેખે ટેક્સ ભરી આપે તો કોઈ મુશ્કેલી પડતી નથી. પણ જો ૨૫ લાખ લેખે જ પોતાની ટેક્સની જવાબદારી પૂર્ણ કરે તો ઇન્કમ ટેક્સ હેઠળ ભવિષ્યમાં નોટીસ આવી શકે છે અને ત્યારે વેચનાર તફાવતના ૫ લાખ ઉપર ટેક્સ, વ્યાજ ઉપરાંત દંડ ભરવા જવાબદાર બની શકે છે.

આ તો થઇ વેચનારની વાત. હવે કરીએ ખરીદનારની વાત. આ જ વ્યવહારમાં ખરીદનાર પણ મુશ્કેલીનો સામનો કરી શકે છે. ઇન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૦ હેઠળ જયારે કોઈ મિલ્કતનું વેચાણ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ જંત્રી કિંમતથી ઓછી કિંમત પર કરવામાં આવે અને તફાવતની રકમ જો ૫૦ હજારથી વધુ હોયતો વેચનાર દ્વારા ખરીદનારને ગીફ્ટ આપવામાં આવેલ છે તેમ માની લેવામાં આવશે અને તફાવતની રકમ ઉપર ખરીદનારની ટેક્સ ભરવાની જવાબદારી આવશે.

આમ, માત્ર જંત્રી નીચે દસ્તાવેજ કરવામાં આવેલ હોય ત્યારે એક જ ભૂલ માટે ખરીદનાર અને વેચનાર બન્ને ટેક્સ, વ્યાજ અને દંડ ભરવા જવાબદાર બની શકે છે. આમ, સ્થાવર મિલ્કત જેવી કે જમીન, મકાન, ફ્લેટ જેવી રકમ કે જ્યાં રાજ્ય સરકાર દ્વારા જંત્રી નક્કી કરવામાં આવેલ હોય ત્યાં જંત્રી રકમથી ઓછી રકમનો દસ્તાવેજ ન કરવામાં આવે તે તકેદારી રાખવી અત્યંત જરૂરી છે.

**૩. મે એક પ્લોટના સમૂહની ખરીદી કરેલ છે. આ પ્લોટની ખરીદી સાથે ''કોમન પ્લોટ''ની પણ ખરીદી કરેલ છે. આ ''કોમન પ્લોટ''ની ખરીદી ઉપર દસ્તાવેજ બનાવવામાં જરૂરી સ્ટેમ્પ ડ્યુટી તો ભરેલ જ છે પરંતુ અવેજની રકમમાં આ રકમ દર્શાવેલ નથી. આ બાબતે કારણ એ છે કે કોમન પ્લોટનો કોઈ અવેજ અમારે ખરીદનારે વેચનારને દેવાનો થતો નથી. દસ્તાવેજમાં કોઈ મુશ્કેલી નાં આવે તે માટે અમે સ્ટેમ્પ ડ્યુટી ''કોમન પ્લોટ'' પર પણ ભરી આપેલ છે. શું આ વ્યવહારમાં કોઈ મુશ્કેલી આવી શકે?**

જવાબઃ હા, ઉપર જવાબ નંબર ૨ માં જણાવેલ છે તેમ કોઈ પણ સ્થાવર મિલ્કતનો દસ્તાવેજમાં જે રકમ ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરેલ છે તે રકમથી ઓછી રકમનો અવેજ દર્શાવેલ હોય તો ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ દસ્તાવેજમાં વાપરેલ સ્ટેમ્પ ડ્યુટીને જ આધાર ગણવામાં આવે છે. આમ, આ વ્યવહારમાં ઉપર જવાબ નંબર ૨ માં દર્શાવેલ ખરીદનાર અને વેચનારની જવાબદારી આ કિસ્સામાં પણ લાગુ પડે.

**૪. અમે જે દસ્તાવેજ કરેલ છે તેની જંત્રી રકમ તથા અવેજ ૩૦ લાખથી વધુ છે. શું ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ કોઈ ખાસ ધ્યાન રાખવું જરૂરી છે?**

જવાબઃ હા, જયારે ૩૦ લાખ કે તેથી વધુ રકમનો દસ્તાવેજ બનાવવામાં આવ્યો હોય ત્યારે સબ રજીસ્ટ્રાર ઓફીસ કે જ્યાં આ દસ્તાવેજની નોંધણી કરાવવામાં આવેલ છે તેમના દ્વારા ઇન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટને જાણ કરવામાં આવે છે. ઇન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટને આ વ્યવહારની જાણ થયેલ જ હોય આ વ્યવહાર ઇન્કમ ટેક્સ રીટર્નમાં દર્શાવવો ખાસ જરૂરી છે. આમાં ચૂક થાય તો ભવિષ્યમાં ખરીદનાર અને વેચનાર બન્નેને મુશ્કેલી થઇ શકે છે.

**૫. મે મારો રહેણાંકી ફ્લેટનું વેચાણ કરેલ છે. મેં સાંભળ્યું છે કે કોઈ ફ્લેટનું વેચાણ કરી કોઈ મિલ્કતમાં રોકાણ કરી આપવામાં આવે તો ઇન્કમ ટેક્સ લાગુ થતો નથી. શું આ સાંચુ છે?**

જવાબઃ ના, આ બાબત સાચી નથી. રહેણાંકી મિલ્કતનું વેચાણ કરવામાં આવેલ હોય ત્યારે માત્ર રહેણાંકી મકાન કે સરકાર દ્વારા માન્ય ટેક્સ બચત અંગેના બોન્ડમાં રોકાણ કરવામાં આવે તો જ ટેક્સ માંથી મુક્તિ સંભવ છે. ગમે તે મિલ્કતમાં રોકાણ કરવામાં આવે તો ટેક્સની મુક્તિ મળી રહેતી નથી.

**૬. અમે ૫૦ લાખથી વધુ રકમનો ફ્લેટ ખરીદ કરેલ છે. આ ખરીદીમાં અમારી TDS અંગેની શું જવાબદારી આવે?**

જવાબઃ ૫૦ લાખ કે તેથી વધુ રકમના ફ્લેટ (કે અન્ય કોઈ સ્થાવર મિલ્કત) ની ખરીદી જયારે કરવામાં આવે ત્યારે અવેજની રકમના ૧% TDS કરવાનો રહે છે. આ TDSની ચુકવણી દસ્તાવેજ થયો હોય તે મહિનો પૂર્ણ થાય પછીના ૩૦ દિવસ સુધીમાં કરી આપવાનો રહે છે.

મિત્રો, આજે આ લેખમાં મિલ્કત ખરીદ વેચાણમાં ઉઠતા સામાન્ય પ્રશ્નોની સમજણ સદી ભાષામાં આપવા પ્રયાસ કર્યો છે. આ તકે કરદાતાઓને ખાસ જણાવવું જરૂરી છે કે મિલ્કત વેચાણ ઉપર ટેક્સ પ્લાનિંગ માટે વેચાણ દસ્તાવેજ કરતા પહેલા વિગતો સાથે પોતાના ટેક્સ કન્સલટન્ટ, એડવોકેટ કે CAને મળવું જરૂરી છે.

આમ કરવાથી કરદાતા માટે મહત્તમ ટેક્સ પ્લાનિંગ શક્ય બને છે. આવનારા લેખોમાં વધુ આવા સામાન્ય પ્રશ્નો લેવા પ્રયાસ કરીશ. વાંચકો, આપના કોઈ પ્રશ્નો હોય તો આપ 'ટેક્સ ટુડે' કાર્યાલય પર અથવા તો adv.bhavyapopat @gmail.com પર મોકલી શકો છો.

# GST રિટર્નમાં માનવ ભૂલ સુધારવા ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો બની શકે છે ઉપયોગી

ગુજરાત હાઈકોર્ટએ એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું હતું કે GST રિટર્નમાં થયેલી ક્લેરિકલ ભૂલ માટે વેપારીઓને અયોગ્ય રીતે દંડિત કરી શકાશે નહીં. સંઘવી મેટલ કોર્પોરેશન વિ. યુનિયન ઑફ ઇન્ડિયા કેસમાં કોર્ટે વેપારીને સુધારાનો હક આપતા સ્પષ્ટ કર્યું કે, જ્યાં સરકારને આવકનું કોઈ નુકસાન નથી, ત્યાં ભૂલ સુધારવાની છૂટ આપવી ફરજિયાત છે.

**કેસની હકીકતોઃ**

- સંઘવી મેટલ કોર્પોરેશન, લોહા-સ્ટીલના વેપારમાં સંકળાયેલી એક પ્રોપ્રાયટરી ફર્મ છે.
- વર્ષ ૨૦૧૭-૧૮માં કંપનીએ GSTR-1માં ભૂલથી પોતાની સિસટર કન્સર્નના ટર્નઓવરને જી.એસ.ટી. પોર્ટલ પર અપલોડ કરી આપેલ હતો.
- પરિણામે GSTR-1 અને GSTR-3B વચ્ચે તફાવતના જોવા મળ્યો હતો અને ટેક્સ વિભાગે રૂ.૪૦ લાખથી વધુનો ડિમાન્ડ નોટિસ જારી કરી હતી.
- કરદાતાએ આકારની દરમ્યાન દલીલ કરી કે આ માત્ર clerical mistake છે, પરંતુ આકારણી અધિકારી તથા પ્રથમ અપીલ ઓથોરિટીએ તેમની વાત માન્ય રાખી નહોતી.

**હાઈકોર્ટનો અભિપ્રાયઃ**

ન્યાયમૂર્તિ ભર્ગવ કારીયા અને ન્યાયમૂર્તિ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ થયેલી સુનાવણી દરમિયાન અલગ અલગ હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો સંદર્ભ લેવાયો.

**કોર્ટએ જણાવ્યુંઃ-**

- ''માનવ ભૂલો સ્વાભાવિક છે.''



AI તસવીર

- ''સોફ્ટવેરની મર્યાદા ભૂલ સુધારવામાં અવરોધ બની શકે નહીં.''
- ''સાચી ટેક્સ વસૂલાત જ કાયદાનો હેતુ છે, અયોગ્ય દંડ નહીં.''

**કોર્ટનો ચુકાદોઃ**

**કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો કે-**

૧. સંઘવી મેટલ કોર્પોરેશનને GSTR-1 સુધારવાની છૂટ આપવામાં આવે.
૨. સુધારો ઑનલાઇન કે મેન્યુઅલ રીતે કરી શકાય.
૩. અગાઉની અપીલ ઓથોરિટીના ઓર્ડરને રદ કરવામાં આવે.

**વ્યાપક અસરઃ**

- **વ્યવસાયીઓને રાહતઃ** હવે નાની-મોટી ક્લેરિકલ ભૂલ માટે વેપારીઓને ભારે દંડનો સામનો ન કરવો પડે.
- **ટેક્સ વિભાગ માટે માર્ગદર્શકઃ** માનવ ભૂલો અને ઈરાદાપૂર્વકની ગેરરીતિ વચ્ચે તફાવત કરવાનો સંદેશ.
- **GST વ્યવસ્થા માટે સંતુલનઃ** કાયદાનો હેતુ સાચી આવક વસૂલાત છે, ન કે વેપારીઓને ત્રાસ આપવો.

**નિષ્કર્ષઃ**

સંઘવી મેટલ કોર્પોરેશન કેસમાં ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો વ્યવસાયિક સમાજ માટે મહત્વપૂર્ણ રાહતસમાન ગણી શકાય. શરૂઆતના વર્ષોમાં GST પદ્ધતિમાં અનેક વેપારીઓ અજાણતા ભૂલો કરતા હતા, જેને કારણે મોટી દંડસજા થતી.

**હાઈકોર્ટના આ નિર્ણયથી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે --**

''માનવ ભૂલને ગુનો ગણાવી શકાય નહીં અને વેપારીઓને સુધારાનો અધિકાર મળવો જ જોઈએ.''





# 57મી GST કાઉન્સિલના મહત્વના નિર્ણયો

## હવે GST બનશે વધુ સરળ, ઝડપી અને ઓછું કડક



By Darshit Shah, Advocate

૯ ઓક્ટોબર ૨૦૨૬: GST કાઉન્સિલની ૫૭મી બેઠકમાં આ વખતે GSTના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ગયા વર્ષે GST 2.0 હેઠળ દરોમાં મોટા ફેરફારો બાદ આ બેઠકનો મુખ્ય ફોકસ ‘‘GST કેવી રીતે કામ કરે છે?’’ તેના પર રહ્યો હતો. કાઉન્સિલે GST Registration, Return Filing, Refund, Input Tax Credit, Litigation, Arrest, Prosecution, Export of Services તથા નાના વેપારીઓ માટે Compliance સરળ બનાવવાના અનેક મહત્વપૂર્ણ સુધારાઓને મંજૂરી/ભલામણ આપી છે.

### ૧. GSTમાં અધિકારીઓની Arrest Power દૂર કરવાનો મોટો નિર્ણય

૫૭મી બેઠકનો સૌથી ચર્ચાસ્પદ અને મહત્વનો નિર્ણય GST હેઠળની Arrest Power દૂર કરવાનો છે.

હાલ સુધી GST કાયદાની ચોક્કસ પરિસ્થિતિઓમાં અધિકારીઓને ધરપકડ કરવાની સત્તા હતી. હવે Councilએ GSTમાંથી આ Arrest Power દૂર કરવાની ભલામણ કરી છે.

આનો અર્થ એવો નથી કે ગંભીર કરચોરી અથવા GST સંબંધિત ગુનાઓ માટે કાર્યવાહી બંધ થઈ જશે. Tax recovery, interest, penalty અને ગંભીર કેસોમાં prosecutionની કાર્યવાહી ચાલુ રહેશે, પરંતુ GST enforcementનો અભિગમ વધુ civil અને data-driven બનાવવાનો પ્રયાસ છે.

સાથે જ Prosecution માટેની threshold રૂ.૧ કરોડથી વધારીને રૂ.૫ કરોડ કરવામાં આવી છે. Minimum punishmentની જોગવાઈ દૂર કરીને સજા અંગેનો નિર્ણય Judicial Discretion પર છોડવામાં આવ્યો છે.

### ૨. GST Refund હવે વધુ ઝડપથી મળશે

Exporters અને અન્ય taxpayers માટે refund પ્રક્રિયામાં નોંધપાત્ર ઝડપ લાવવાનો નિર્ણય લેવાયો છે.

હાલ refund applicationની acknowledgement માટે ૧૫ દિવસની સમયમર્યાદા છે, જેને ઘટાડીને ૧૦ દિવસ કરવામાં આવશે. જો ૧૦ દિવસમાં acknowledgement અથવા deficiency memo આપવામાં નહીં આવે તો applicationને deemed acknowledged ગણવાની જોગવાઈ કરવામાં આવી છે.

Risk assessmentના આધારે ૯૦% refund system દ્વારા જ sanction કરવામાં આવશે. Acknowledgement બાદ provisional refundનો order હાલના ૭ દિવસની જગ્યાએ ૩ working daysમાં જારી કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

Electronic Cash Ledgerમાં પડેલી excess balanceનું refund સંપૂર્ણપણે automatic કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

### ૩. GST Registration હવે વધુ સરળ અને ઝડપી

Low-risk taxpayers માટે GST Registrationની પ્રક્રિયા વધુ સરળ બનાવવા માટે system applicantને માત્ર તેના માટે લાગુ પડતા fields બતાવશે અને દરેક document કયા હેતુ માટે જરૂરી છે તે પણ દર્શાવશે.

હાલ low-risk applicants અને ચોક્કસ શરતો પૂરી કરતા taxpayersને 3 working daysમાં officerની intervention વગર registration મળી શકે છે. કુલ registrationsમાંથી આશરે ૬૧% registration આ automated routeથી થઈ રહ્યા છે.

Trade Name, Director/Partnerમાં ફેરફાર અથવા Additional Place of Businessના address જેવા ચોક્કસ amendments automatically accept કરવામાં આવશે.

### ૪. સાચા ખરીદદારનો ITC બચાવવા માટે મહત્વનું પગલું

GSTમાં સૌથી લાંબા સમયથી ચર્ચાતો મુદ્દો છે- Supplierએ tax ન ભર્યો હોય તો genuine buyerનો ITC કેમ અટકાવવો?

આ મુદ્દે Councilએ એક Committee of Officers રચવાનો નિર્ણય કર્યો છે.

જો ખરીદદાર પાસે યોગ્ય Tax Invoice છે, માલ/સેવા પ્રાપ્ત થઈ છે અને supplierને સંપૂર્ણ payment કરવામાં આવ્યું છે, તો આવા genuine buyerને ITCનું રક્ષણ કેવી રીતે આપી શકાય તે અંગે Committee ત્રણ મહિનામાં અભ્યાસ કરીને આગામી Council બેઠકમાં agenda રજૂ કરશે.

### ૫. ITC અંગે અનેક વ્યવસાયોને રાહત

Councilએ કેટલીક મહત્વપૂર્ણ business expenses પર ITC સંબંધિત રાહતની ભલામણ કરી છે.

- Employees માટે લેવામાં આવેલ Health Life Insurance

Factoryની બહાર લગાવવામાં આવેલા Telecommunication Towers

Factoryની બહાર નાખવામાં આવેલા Pipelines

Free Samples

Shelf-life પૂરી થયા બાદ કાયદા મુજબ નાશ કરવો ફરજિયાત હોય તેવા goods

### ૬. Inverted Duty Structureમાં Refundનો વ્યાપ વધશે

હવે Input Services પર ચૂકવાયેલ GST પણ inverted duty structure હેઠળ refund calculationમાં લાવવાની જોગવાઈ કરવામાં આવી છે અને આ લાભ ૧ નવેમ્બર ૨૦૨૬ પછી availed credit માટે ઉપલબ્ધ થશે.

Plant Machinery પર ચૂકવાયેલા GSTના ITCને refundમાંથી બહાર રાખવાની જોગવાઈ પણ દૂર કરવામાં આવી છે.

Plant Machinery માટે refund દર મહિને કુલ eligible creditના ૧/૬૦ના ધોરણે આપવામાં આવશે અને આ લાભ ૧ એપ્રિલ ૨૦૨૭ પછી availed credit માટે લાગુ થશે.

આ ખાસ કરીને Pharma, FMCG અને manufacturing sectors માટે working capitalની દૃષ્ટિએ મહત્વપૂર્ણ ફેરફાર બની શકે છે.

### ૭. GSTમાંથી Business Closure હવે વધુ સરળ

GST Registration cancel કરાવવાની પ્રક્રિયા પણ automated કરવામાં આવશે.

નાના taxpayersથી શરૂઆત કરીને registration cancellationની પ્રક્રિયા તબક્કાવાર automated કરવામાં આવશે. Final Returnને અલગથી filing કરવાની જગ્યાએ cancellation applicationનો જ ભાગ બનાવવામાં આવશે.

જો return અથવા bank detailsના અભાવે systemએ registration suspend/cancel કર્યું હોય તો taxpayer દ્વારા જરૂરી compliance પૂર્ણ કર્યા બાદ registration restore કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

### ૮. નાના B2C વેપારીઓ માટે Annual Returnની સુવિધા

Turnover રૂ.૫ કરોડ સુધીનો હોય અને taxpayer માત્ર consumersને supply કરતો હોય, તો તેને વર્ષમાં એક વખત return file કરવાની અને quarterly basis પર tax payment કરવાની optional scheme લાવવાની મંજૂરી principleમાં આપવામાં આવી છે.

આથી નાના retailers અને B2C businesses માટે return filingનું compliance burden ઘટી શકે છે. Scheme_u detailed framework અને જરૂરી amendments આગામી Council બેઠકમાં રજૂ થશે.




### ૯. રસ્તામાં GST અધિકારીઓ દ્વારા વારંવાર checking પર નિયંત્રણ

Goods in transit માટે પણ મોટો સુધારો કરવામાં આવ્યો છે.

હવે માત્ર specific intelligenceના આધારે જ vehicle રોકી શકાશે અને vehicle રોકવાનો નિર્ણય Joint Commissioner અથવા તેનાથી ઉપરના અધિકારી દ્વારા અગાઉથી authorised હોવો પડશે.

માલ જે Stateમાંથી શરૂ થયો છે અને જે Stateમાં પહોંચવાનો છે, મુખ્યત્વે આ બે Statesને inspectionની સત્તા રહેશે. વચ્ચે આવતા દરેક Stateમાં vehicleને વારંવાર રોકીને checking કરવાની વ્યવસ્થા દૂર કરવામાં આવશે.

### ૧૦. Service Exporters માટે મોટી રાહત

ભારતીય company પોતાના foreign clientને પોતાની overseas branch મારફતે service આપે, તો હવે ચોક્કસ શરતો હેઠળ તેને export benefit મળી શકશે.

Foreign clientની માલિકીની goods ભારતમાં જ રહીને testing, repair, certification, research અથવા processing જેવી services કરવામાં આવે તો પણ તેને export of service તરીકે માન્યતા આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

આથી engineering consultants, design studios, testing agencies, research organisations અને contract processing/manufacturing businesses માટે નવી તકો ઊભી થઈ શકે છે.

### ૧૧. E-commerce પર નાના વેપારીઓ માટે સરળતા

નાના sellersને દરેક Stateમાં અલગ business premises રાખવાની મુશ્કેલી હતી.

હવે ચોક્કસ શરતો હેઠળ seller અન્ય Stateમાં E-commerce Operatorનું warehouse પોતાના Principal Place of Business તરીકે declare કરી શકશે, operatorની consent system દ્વારા automatically આપવામાં આવશે.

આથી નાના sellers માટે e-commerce platforms દ્વારા દેશભરમાં business કરવાનું સરળ બનશે.

### ૧૨. GST દરોમાં આ બેઠકમાં કોઈ ફેરફાર નહીં

આ બેઠકમાં GST ratesની કોઈ નવી review કરવામાં આવી નથી.

Councilનો મુખ્ય ભાર rate changes કરતાં process reforms પર રહ્યો છે. આગામી સમયમાં rate સંબંધિત બાબતો માટે વર્ષમાં એક અલગ બેઠક રાખવાની વ્યવસ્થા તરફ પણ આગળ વધવામાં આવશે.

**સારાંશ:** GST હવે "Rate Reform"થી "Process Reform" તરફ ૫૭મી GST Council Meetingનો સૌથી મોટો સંદેશ એ છે કે હવે GSTમાં માત્ર tax rates ઘટાડવા કે વધારવા કરતાં taxpayer સાથેની સમગ્ર પ્રક્રિયા સરળ, automated અને technology-driven બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

Arrest Power દૂર કરવાની ભલામણ, Prosecution threshold રૂ.૫ કરોડ, ૯૦% automated refund, ૧૦ દિવસમાં refund acknowledgement, ઝડપી GST registration, genuine buyerના ITC અંગે અભ્યાસ, નાના વેપારીઓ માટે સરળ return filing, transit checkingમાં રાહત અને service exporters માટે નવા export benefits--- આ તમામ નિર્ણયો GST complianceને વધુ taxpayer-friendly બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલાં છે.

ટૂંકમાં કહીએ તો--- GST 2.0માં હવે માત્ર ‘‘કેટલો Tax?’’ નહીં, પરંતુ ‘‘GSTની પ્રક્રિયા કેટલી સરળ, ઝડપી અને ન્યાયી?’’ તેના પર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે.

**કાયદેસર નોંધ:** Councilની ભલામણોનો વાસ્તવિક અમલ સંબંધિત CGST Act/Rulesમાં જરૂરી સુધારા, Notification અથવા Circular બાદ થશે.

**(સાભાર: આ લેખ જાણીતા દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા. ૧૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

◆ Year: 10, ◆ Issue No.12, ◆ Continue Issue No.118, ◆ Date: 17/10/2026, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.